પોલીસ કમિશ્નર કચેરી, અમદાવાદ શહેર.

જાહેરનામાં ક્રમાંક.ગ/ઉપક/લાયસન્સ શાખા/ ૨ /૨૦૨૦ તા.૬ / ૧./૨૦૨૦

ફોન નં.૦૭૯ - ૨૫૬૨૦૦૫૩

## જાહેર નોટીસ

છેલ્લા કેટલાક સમયથી ઉત્તરાયણ વિગેરે તહેવારો વખતે ચાઈનીઝ તુક્કલ(સ્કાય લેન્ટર્ન) ખુબ જ વધારે પ્રમાણમાં આકાશમાં ઉડાડવામાં આવે છે. અને ચાઇનીઝ દોરી અને કાચની પાયેલ દોરીનો પતંગ ચગાવવામાં ઉપયોગ કરવામાં આવે છે. તુક્કલ(સ્કાય લેન્ટર્ન)માં હલકી ક્વોલીટીના સળગી જાય તેવા વેક્સ પદાર્થોના કારણે પર્યાવરણને પણ નુકશાન થાય છે અને લોકો, પશુપક્ષીના જાનમાલને પણ હાની પહોંચે છે. આથી આવી બાબત નિવારવા પ્રતિબંધ મુકવો જરૂરી છે.

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે નામદાર ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદના માનનીય ચીફ જસ્ટીસશ્રીના રીટ પીટીશન(પીઆઇએલ) નં.૨૫૩/૨૦૧૬ માં ૧૩/૦૧/૨૦૧૭ ના રોજ આપેલ કોમન ઓરલ ઓર્ડર અન્વયે તેમજ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ, પ્રિન્સીપાલ બેન્ચ, ન્યુ દિલ્હીના ઓરીજીનલ એપ્લીકેશન નં ૩૮૪/૨૦૧૬ અને ૪૪૨/૨૦૧૬ (એમ.એ.નં. ૧૨૪૭/૨૦૧૬)માં માનનીય જસ્ટીસશ્રીએ તા.૧૪/૧૨/૨૦૧૬ના આપેલ હુકમ અન્વયે તેમજ ફોજદારી કાર્યરીતિ અધિનીયમ-૧૯૭૩ની કલમ -૧૪૪ તેમજ ઈન્ડીયન પીનલ કોડની કલમ -૧૮૮ તેમજ ગુજરાત પોલીસ એક્ટ-૧૯૫૧ ની કલમ -૩૩(૧)(યુ), ૧૧૩,૧૧૭,૧૩૧ અન્વયે-

ચાઇનીઝ તુક્કલ(સ્કાય લેન્ટર્ન), સળગાવેલ ફાનસવાળા પતંગ અન્ય જાહેર જનતાને હાનિકારક પતંગ ચગાવવાથી અને ચાઇનીઝ દોરા, નાયલોન દોરા, કાચથી કોટેડ(પાયેલ) દોરા, હાનિકારક પદાર્થની તૈયાર કરે દોરાથી ઉડાડવામાં આવતી પતંગથી કોઇ મોટી દુર્ઘટના અથવા જાનહાની થવા સંભવ છે. અને લોકો, પશુપક્ષીના જાનમાલને હાની થવા સંભવ છે. અને જાહેર સલામતી અને સુરક્ષા માટે જોખમકારક છે. અને પર્યાવરણને પણ નુકશાન થતુ હોય છે. જેથી આવા પ્રકારના પતંગ ચગાવવા અને આવા પ્રકારના દોરાનો ઉપયોગ કરવો, ઉત્પાદન કરવું, આયાત કરવું, સંગ્રહ કરવુ, વેચાણ કરવા માટે પ્રતિબંધ છે. આ અંગે જાહેરનામા પણ બહાર પાડવામાં આવેલ છે. આ સુચનાનું ઉલ્લઘંન કરનાર વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી થશે. જેથી તમામને નોંધ લેવા વિનંતી છે.

COMMISSIONER OF POLICE A'BAD CITY

(આશિષ ભાટીયા)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર.

નકલ સવિનય રવાના :

૧. મેનેજરશ્રી ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા

૨/- ગુજરાત ગવર્મેન્ટ ગેઝેટમાં પ્રસીધ્ધ કરવા સારૂ

૨. અધિક મુખ્ય સચીવશ્રી ગ્રૃહ વિભાગ ગુજરાત સરકાર સચીવાલય ગાંધીનગર.

૩. પોલીસ મહાનિર્દેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.પોલીસ ભવન ગાંધીનગર.

૪. કલેક્ટરશ્રી જીલ્લા કલેક્ટરની કચેરી સુભાષબ્રીજ અમદાવાદ.

૫. અમદાવાદ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ ગુ.રા. અમદાવાદ (૫ નકલ)

૬. રજીસ્ટ્રારશ્રી સિવીલ અને સેશન કોર્ટ ભદ્ર અમદાવાદ (૫ નકલ)

૭. રજીસ્ટ્રારશ્રી સેસન્સ કોર્ટ ભદ્ર અમદાવાદ (૫ નકલ)

૮. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, ઘી કાંટા અમદાવાદ (૨૫ નકલ)

૯. મ્યુનીસિપલ કમિશનરશ્રી દાણાપીઠ અમદાવાદ શહેર.

૧૦. પબ્લીક પ્રોસીક્યુટરશ્રી સીટી સીવીલ અને મેટ્રોપોલીટનની કોર્ટ અમદાવાદ શહેર.

૧૧. સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી અમદાવાદ શહેર.

૧૨. માહિતી નિયામકશ્રી સચિવાલય ગાંધીનગર (૨ નકલ)

૨/- જાણ સારુ અને દૈનીક સમાચાર પત્રોમા પ્રસીધ્ધ કરાવવા સારુ.

નકલ રવાના :

૧. સંયુકત પોલીસ કમિશનરશ્રી સેક્ટર-૧ અને અધિક પોલીસ કમિશનરશ્રી સેક્ટર-૨, ક્રાઈમ, વિશેષ શાખા તથા મુખ્ય મથક, ટ્રાફિક અમદાવાદ શહેર.

૨. નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન ૧ થી ૭ અમદાવાદ શહેર.

૩. મદદનીશ પોલીસ કમિશનરશ્રી એ થી એન ડિવિઝન અમદાવાદ શહેર.

૪. જનસંપર્ક અધિકારી કન્ટ્રોલ રુમ અમદાવાદ શહેર.

૨/- જાણસારુ દૈનિક પત્રોમાં, દૂરદર્શન, આકાશવાણી ઉપર પ્રસીધ્ધ કરવા સારુ.

૫. મદદનીશ પોલીસ કમિશનરશ્રી ટ્રાફિક બ્રાન્ચ અમદાવાદ શહેર (૮ નકલ)

૨/- ટ્રાફિક મોબાઈલ, વાન મારફતે જાહેરનામાની જાણ કરવા સારુ.

૬. તમામ પોલીસ ઈન્સ્પેકટરશ્રી, તમામ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર.

૨/- જાણ સારુ તેમજ પો.સ્ટે વિસ્તારમાં જાહેરાત માટે અને અમલ થાય તેની તકેદારી રાખવા સારુ જાહેરનામાની એક નકલ તમારા વિસ્તારમાં આવેલ કલબ/જીમખાના ના સંચાલક/ મેનેજરને સુપ્રત કરીને બીજી નકલ ઉપર તેમની સહી મેળવી પો.સ્ટે રેકર્ડમાં રાખવુ.